ગુજરાત બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતે પ્રોગ્રામ ઑફીસરની કુલ-03 જગ્યાઓ ઉભી કરવા માટે રૂ.0૯.00 લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૯/૬૫૫૬૩૩/છ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.0૨/૧૧/૨૦૨૦**

**વંચાણે લીધા :-**

(૧) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૨૩/0૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: બાઅસં/૧૦૯૮/નવી બાબત/૨૦૨૦-૨૧.

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) ના પત્રથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતે જુદી જુદી કુલ-0૫(પાંચ) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા રૂ.૧૪.0૪ લાખની વર્ષ ૨૦૨૦-૨૧ માટે નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઇ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતે અલગ-અલગ કુલ-0૫ (પાંચ) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતે પ્રોગ્રામ ઑફીસરની નીચે મુજબની કુલ-03(ત્રણ) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે રૂ.૯.00 લાખનો ખર્ચ કરવાની આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર(પ્રતિમાસ) | નિમણૂક-પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ ઓફિસર, ધ રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯ | ૧ | ૨૫,૦૦૦/- | આઉટસોર્સ |
| ૨ | પ્રોગ્રામ ઓફિસર, ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ એક્ટ, ૨૦૧૨ | ૧ | ૨૫,૦૦૦/- | આઉટસોર્સ |
| ૩ | પ્રોગ્રામ ઓફિસર, જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ | ૧ | ૨૫,૦૦૦/- | આઉટસોર્સ |
| | કુલ જગ્યાઓ | ૩ | - | - |

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૭) રાજય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) આઉટસોર્સિંગથી સેવાઓ લેવાની થતી હોઇ, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પર કેવી લાયકાત ધરાવતાં ઉમેદવારની સેવા આઉટસોર્સથી મેળવવાની રહેશે તે વિભાગના પરામર્શમાં નક્કી કર્યા બાદ આઉટસોર્સિંગથી સેવા મેળવવાની રહેશે.

(૧૦) ૧૧ માસ પછી આ જગ્યાઓની સેવાઓની જરૂરીયાત જણાય તો કામગીરીની સમીક્ષા કરી પુનઃ મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

<u>માંગણી નં. ૦૯૨</u>

૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨- સમાજ કલ્યાણ

૧૦૨- બાળ કલ્યાણ

૦૭- કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ
સ્કીમ નં.(૧૧૭૯૮૦)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.